નિરાધાર વિધવાઓના પુન: સ્થાપન માટે આર્થિક સહાય યોજનાના નિયમોમાં સુધારો કરવા બાબત

ગુજરાત રાજય
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક- નવસ/૧૦૨૦૧૨/૬૭૪/અ
સચિવાલય, ગાંધીનગર
તા.૦૮/03/૨૦૧૯

**વંચાણે લીધા :**

(૧) મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા.૦૪/03/૨૦૧૬ નો સમાન ક્રમાંકનો ઠરાવ

(૨) મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા.૧૯/૧૦/૨૦૧૬ નો સમાન ક્રમાંકનો ઠરાવ

(૩) મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા.૨૭/૬/૨૦૧૮ નો ઠરાવ ક્રમાંક:મસય/૨૧૨૦૧૮/૨૩૯૭૪૯/અ

**આમુખ :**

નિરાધાર વિધવાઓને આર્થિક સહાય આપવાની યોજના વંચાણે લીધેલ ઠરાવો મુજબ રાજ્યમાં અમલી છે. વિધવા લાભાર્થીઓના હિતમાં આ યોજનાના નિયમોમાં સુધારા કરવા તેમજ સહાયની રકમ વધારવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી જે અંગે વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

**ઠરાવ :**

૧. વંચાણે લીધા (૧) આગળ દર્શાવેલ ઠરાવથી નિરાધાર વિધવાઓ માટે આર્થિક સહાય મેળવવા માટે નીચે મુજબની પાત્રતા નક્કી કરેલ છે.

પારા 3 (બ) (૨) ૨૧ વર્ષથી ઉપરની ઉંમરનો પુત્ર ન હોવો જોઇએ.

ઉપર્યુક્ત શરત આથી રદ્દ કરવામાં આવે છે.

૨. વંચાણે લીધા (૧)ના પારા 3 (બ) (૩)માં નીચે મુજબ જોગવાઇ છે.

અપવાદ રૂપે વિધવાનો ૨૧ વર્ષનો પુત્ર હોય પરંતુ તે માતાનુ ભરણ પોષણ કરવા માટે સક્ષમ ન હોય જેમ કે, પાગલપન, શારીરિક અપંગતા,આજીવન કારાવાસ અથવા તેનુ મૃત્યુ થાય વગેરે કિસ્સામાં પણ આ યોજનાનો લાભ મળવા પાત્ર થશે.

૨૧ વર્ષથી ઉપરની ઉંમરના પુત્ર બાબતની શરત દૂર કરવાથી ઉપર્યુક્ત અપવાદનું પ્રયોજન રહેતુ નથી.

3. ૨૧ વર્ષ કે તેથી વધુ ઉંમરના પુત્ર ધરાવતી વિધવા લાભાર્થીના કિસ્સામાં લાભાર્થીના કુટુમ્બની આવક ધ્યાને લેવાની રહેશે. કુટુંબમાં લાભાર્થી પોતે, પોતાના બાળકો અથવા સાવકા બાળકો તેમજ માતા-

પિતા કે સાસુ-સસરા કે જેમની સાથે લાભાર્થી રહેતા હોય તેમને ધ્યાને લેવાના રહેશે. વાર્ષિક આવક મર્યાદાના માપદંડો વંચાણે લીધા (૩) થી નક્કી કર્યા મુજબ રહેશે.

૪. જે કિસ્સામાં વિધવા લાભાર્થીનો પુત્ર ૨૧ વર્ષનો થવાના કારણે સહાય અગાઉ બંધ થયેલ છે તેવા કિસ્સામાં ઠરાવના અમલીકરણની તારીખ બાદ લાભાર્થી નવેસરથી અરજી કરી શકશે. આવા કિસ્સામાં યોજનાના અન્ય માપદંડ મુજબ અરજદાર પાત્રતા ધરાવતા હશે તો અરજી કર્યાના માસથી સહાય મંજુર કરવાની રહેશે.

૫. જે કિસ્સામાં ૨૧ વર્ષ કે તેથી વધુ ઉંમરનો પુત્ર હોવાના કારણોસર વિધવા લાભાર્થીએ સહાય માટે અરજી કરેલ ન હોય અથવા અરજી કર્યા પછી આ કારણસર ઉક્ત અરજી નામંજુર થયેલ છે, તે વિધવાઓ હવે નવેસરથી અરજી કરી શકશે. યોજનાના અન્ય માપદંડ મુજબ અરજદાર પાત્રતા ધરાવતા હશે તો અરજી કર્યાના માસથી સહાય મંજુર કરવાની રહેશે.

૬. વંચાણે લીધા (૨) આગળના ઠરાવથી વિધવા લાભાર્થી મહિલાને રૂ.૧૦૦૦/- માસિક સહાય મળવાપાત્ર હતી તેમાં વધારો કરીને વિધવા લાભાર્થીને રૂ.૧૨૫૦/- (અંકે રૂપિયા બારસો પચાસ)ની સહાય દર માસે ચુકવવાનું આથી ઠરાવવામાં આવે છે.

૭. યોજનાનો લાભ ચાલુ રાખવા હેતુ તમામ લાભાર્થીઓએ કુટુમ્બની આવક અંગેનું પ્રમાણપત્ર પ્રથમ વખત જુલાઇ ૨૦૧૯માં તેમજ ત્યાર પછી દર ત્રણ વર્ષે જુલાઇ માસમાં રજુ કરવાનું રહેશે.

૮. વંચાણે લીધેલ ઠરાવોની અન્ય શરતો યથાવત રહેશે.

૯. આ ઠરાવનો અમલ તા.૦૧/૦૪/૨૦૧૯થી કરવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૨/૩/૨૦૧૯ની નોંધથી મળેલ મંજૂરી તથા સરકારશ્રીની તા.૮/૩/૨૦૧૯ની મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(હંસાબેન મેજીયાતર)
સંયુક્ત સચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

- માન.મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, માન. મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય સચિવાલય, ગાંધીનગર.
- માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ સચિવાલય , ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય , ગાંધીનગર.
- અધિક કમિશ્નરશ્રી (મહિલા કલ્યાણ), મહિલા અને બાળ વિકાસ, ગાંધીનગર.
- સભ્યસચિવશ્રી, ગુજરાત રાજ્ય મહિલા આયોગ, ૪- ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

- નાણાં સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, જેન્ડર રિસોર્સ સેન્ટર, અમદાવાદ
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતું, ગાંધીનગર.
- મેનેજિંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિ.,ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત રાજ્ય સમાજ કલ્યાણ બોર્ડ, અમદાવાદ
- ચીફ પોસ્ટ માસ્તર જનરલશ્રી, ગુજરાત સર્કલ, અમદાવાદ.
- ચીફ પોસ્ટ માસ્તરશ્રી, જી.પી.ઓ. અમદાવાદ.
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/ રાજકોટ.
- માહિતી નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર તરફ બહોળી પ્રસિધ્ધિ અર્થે.
- તમામ કલેક્ટરશ્રીઓ/ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- તમામ પ્રાંત અધિકારીશ્રીઓ/ મામલતદારશ્રીઓ
- તમામ મહિલા અને બાળ અધિકારી
- તમામ દહેજ પ્રતિબંધક અધિકારી સહ રક્ષણ અધિકારીશ્રી
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ

} અધિક કમિશ્નરશ્રી (મહિલા કલ્યાણ) ની કચેરી મારફતે

- તમામ જિલ્લા તિજોરી અધિકાશ્રીઓ
- હિસાબ અને તિજોરી નિયામકશ્રી, ગાંધીનગર
- સિસ્ટમ મેનેજરશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ,(વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા)
- સીલેક્ટ ફાઇલ